શ્રી એમ.એ.ટેલર, ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત, રાજકોટ સમક્ષ

રેફરન્સ (આઈ.ટી.)નંબર ૭૧/૨૦૧૯

વિભાગીય નિયામકશ્રી,
એસ.ટી.ડીવીઝન,
ગોંડલ રોડ,
રાજકોટ. **પ્રથમ પક્ષકાર.....**

વિરૂધ્ધ

સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ યુનિયન,રાજકોટ,
c/O. કિશોરસિંહ જી.પરમાર
પિતૃ કૃપા, ૯ સરદાર સોસાયટી,
જવાહર ગ્રાઉન્ડ રોડ,
સુરેન્દ્રનગર. **બીજા પક્ષકાર.....**

પ્રતિનિધિત્વ : પ્રથમ પક્ષકાર તરફે : વિદવાન વકીલશ્રી જી.કે.ભટ્ટ.
બીજા પક્ષકાર તરફે : વિદવાન વકીલશ્રી બી.એમ.માવાણી.

બાબત :– <u>ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) અન્વયે</u>

–: ચૂ કા દો :–

(૧) ઉપરોકત પક્ષકાર વચ્ચે ઉપસ્થિત થયેલ વિવાદ ન્યાય નિર્ણય માટે આઈ.ડી.એકટ, ૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી, રાજકોટ તરફથી તેમના તા.૩૦–નવેમ્બર–૨૦૧૯ ના હુકમ ક્રમાંકઃ કે.એચ./આર.જે.ટી./સી./૧૧૧૫૯/૧૮૫/૧૯ થી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સુપરત કરવામાં આવેલ હતો જેની અનુસુચિ નીચે મુજબ છે.

–: અનુસૂચિ :–

સુરેન્દ્રનગર ડેપોમાં ફરજ બજાવતા શ્રી રૂપસિંહ બી.રાઠોડ, ડ્રાયવર બેજ નં.૫૫૫ ના દફતરી હુકમ નંબર ડીસીઆર/એડીએમ/બી.અ. નં.૬૨૦, તા.૧૩/૦૩/૨૦૧૮ થી થયેલ રૂા.૨૦,૦૦૦/– ની રીકવરી શિક્ષાને રદ કરવાની કરેલ શિક્ષા રદ કરવી કે કેમ?

(૨) બીજા પક્ષકારે **આંક–૭** થી માગણાનુ નિવેદન રજુ થયેલ છે તેની ટુંકમાં વિગત ધ્યાને લેતાં મુખ્યત્વે નીચે મુજબ છે.

– બીજા પક્ષકાર સંલગ્ન કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં આશરે ૧૯૯૬ મા ડ્રાયવર બેજ નં.૫૫૫ તરીકે નોકરીમાં દાખલ થયેલ. તા.૧૯/૧૦/૧૯૯૯ ના રોજ સંલગ્ન કામદારને નોકરીમાં કાયમી કરેલ.

– હાલમાં સંલગ્ન કામદાર રાજકોટ વિભાગના સુરેન્દ્રનગર ડેપોમાં ફરજ બજાવે છે અને નોકરીમાં દાખલ થયાથી આજ સુધીની નોકરી એકધારી અને સળંગ છે.

– સંલગ્ન કામદાર ગોંડલ ડેપોમાં નોકરી કરતા હતા ત્યારે પ્રથમ પક્ષકારે કામદારને તા.૧૧/૦૭/૨૦૧૭ ના રોજ તદ્દન ખોટુ અને ઉપજાવી કાઢેલ તહોમત પત્ર નં.૦૩/૨૦૧૭ આપેલ જેમાં દર્શાવ્યા મુજબની વિગતેનો કોઈ ગુન્હો કામદારે કરેલ ન હતો.

– સંલગ્ન કામદારે તા.૧૧/૦૭/૨૦૧૭ ના રોજ લેખિત પત્રથી તહોમતપત્રનો જવાબ આપેલ.

– સંલગ્ન કામદાર સામેના ઉપરોકત ખોટા ચાર્જશીટના આધારે કોઈપણ જાતની કાયદેસરની ખાતાકીય તપાસ કર્યા વગર જ કે કુદરતી ન્યાયના સિધધાંતો મુજબ પણ અન્ય બચાવની તકો આપ્યા વગર કે સજા બાબતેની સેકન્ડ શો કોઝ સુધ્ધા આપ્યા વગર જ સીધે સીધી તા.૨૯/૦૭/૨૦૧૯ ના હુકમથી રકમ રૂા.૨૫,૦૦૦/– ની રીકવરી કરવાની સજા કરતો શિક્ષાત્મક હુકમ કરેલ.

– ઉપરોકત સજાના હુકમ સામે કામદારે કરેલ પ્રથમ ખાતાકીય તપાસમાં માલીકે યોગ્ય સત્તાધિકારીએ કરેલ ઉપરોકત સજાના રૂા.૫,૦૦૦/– નો ઘટાડો કરતો હુકમ કરેલ.

– પ્રથમ અપીલ સત્તાધિકારી અને વિભાગીય નિયામક, એસ.ટી.ના ઉપરોકત હુકમ સામે કામદાર દ્વિતીય ખાતાકીય અપીલ કરેલ જેમા વિભાગીય નિયામકનો હુકમ યથાવત રાખવાનો હુકમ કરેલ.

– પ્રથમ પક્ષકારે સંલગ્ન કામદારને તા.૧૩/૦૩/૨૦૧૮ થી કરેલ રૂા.૨૦,૦૦૦/– ની સજાના હુકમને કામદારે રેફરન્સ કેસમાં પડકારેલ છે. જે સજાના હુકમ મુજબની રકમ રૂા.૨૦,૦૦૦/– પ્રથમ પક્ષકારે સંલગ્ન કામદારના પગારમાંથી કપાત કરી લીધેલ છે.

– ઉપરોકત વિગતે દાદ માગેલ છે કે, તા.૧૩/૦૩/૨૦૧૮ ના લેખિત હુકમથી માલીકે કામદારને કરેલ શિક્ષાનો હુકમ તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસરનો, કુદરતી ન્યાયના સિધધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની મુળભુત જોગવાઈઓ વિરૂઘ્ધનો હોય તે રદ થવાને પાત્ર છે તેમ ઠરાવી આપવા તેમજ ઉપરોકત સજાના હુકમ મુજબની રકમ રૂા.૨૦,૦૦૦/– માલીકે સંલગ્ન કામદારના પગારમાંથી કપાત કરી વસુલ કરી લીધેલ હોય, ઉપરોકત સજા આધારી વસુલ કરેલ તમામ રકમ રૂા.૨૦,૦૦૦/– માલીક કામદારને તત્કાલ પરત ચુકવી આપે તેવો ન્યાયી હુકમ કરવા રેફરન્સ ખર્ચની રકમ પ્રથમ પક્ષકાર પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૩) પ્રથમ પક્ષકાર તરફે **આંક–૧૨** થી વાંધા જવાબ રજુ થયેલ છે તેની ટુંકમાં વિગત ઘ્યાને લેતાં, મુખ્યત્વે નીચે મુજબ છે.

– બીજા પક્ષકારનો રેફરન્સ ખોટો, ઉપજાવી કાઢેલ, કાયદાની જોગવાઈ વિરૂઘ્ધનો તથા શુઘ્ધ બુઘ્ધિ વગરનો હોય રદ થવાને પાત્ર છે.

– સંલગ્ન કામદારને તા.૧૧/૦૭/૨૦૦૭ ના રોજ તહોમતપત્ર નં.૩/૨૦૧૭ આપવામાં આવેલ. જેમાં કામદાર/પ્રતિનીધી હાજર રહેલ.

– કામદાર કોઈપણ જાતની જાણ કર્યા વગર ફરજ પર ગેરહાજર રહેલ હતા જે અંગે રજી.એ.ડી.તા.૦૩/૦૪/૨૦૧૭, તા.૨૫/૦૫/૨૦૧૭ તથા તા.૧૦/૦૬/૨૦૧૭ ના રોજ પત્ર લખી ફરજ પર હાજર થવા જાણ કરેલ હતી જેનો તેઓએ જવાબ આપેલ ન હતો કે ફરજ પર હાજર થયેલ ન હતા જેથી કોર્પોરેશનને તેમના રૂટ ચલાવવામાં ખુબ મુશ્કેલી પડેલ હતી અને અન્ય ડ્રાયવરો પાસે ઓવર ટાઈમ કામ લેવામાં આવતુ હતુ.

– સંલગ્ન કામદારે જે ડો.ગોંડલીયાનુ સર્ટીફીકેટ રજુ કરેલ છે તેમાં તેઓ મેલેરિયાની બિમારી હોય ૯ દિવસની આરામ માટેની ડોકટરની સલાહ હતી તેમજ મેડીકલ ઓફીસરનુ સર્ટીફીકેટ ઈન્ડોર પેશન્ટ તરીકેની નથી. તેઓએ ૧૦ દિવસના આરામની સલાહ આપવામાં આવેલ છે. આમ કામદારે આ અંગેની લેખિત જાણ પ્રથમ પક્ષકારને કરેલ નથી.

– કામદાર વિરૂઘ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવેલ અને તપાસના અંતે રૂા.૨૫,૦૦૦/– (પુરા ૧૩ હપ્તાથી) તેઓના પગારમાંથી કપાત કરવાનો હુકમ કરેલ એટલે દર મહિને રૂા.૩,૦૦૦/– લેખે વસુલ કરવાનો હુકમ કરેલ હતો.

– કામદારે આ હુકમથી નારાજ થઈને બીજી અપીલ દાખલ કરેલ હતી અને તા.૧૩/૦૩/૨૦૧૮ ના રોજ સજામાં ઘટાડો કરીને રૂા.૫,૦૦૦/– બાદ કરી રૂા.૨૦,૦૦૦/– કપાત કરવાનો હુકમ કરેલ અને સજામાં ઘટાડો કરેલ હતો.

– કામદારે વગર રજા મંજુર કર્યે ફરજ પર હાજર રહેલ ન હોય એક ગંભીર ગેરશિસ્ત કરેલ છે. તેમજ અન્ય ડ્રાયવરો પાસેથી કામ લેવુ પડેલ હોય નિગમ પર આર્થિક બોજો આવેલ છે અને તેથી પણ કામદારને કરવામાં આવેલ સજા યોગ્ય અને વ્યાજબી હોય આ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે **આંક–૮** થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

આંક–૨૦	માલીકે આપેલ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ
આંક–૨૧	માલીકે કામદારને આપેલ તહોમતપત્ર નં.૦૦૩૩/૨૦૧૭, તા.૧૧/૦૭/૨૦૧૭
આંક–૨૨	ઉપરોકત તહોમતપત્રનો કામદારે માલીકને આપેલ જવાબની નકલ તા.૧૧/૦૭/૨૦૧૭
આંક–૨૩	તા.૨૯/૦૭/૨૦૧૭ ના હુકમથી રકમ રૂા.૨૫,૦૦૦/– રીકવરી કરવાના હુકમ સામે કામદારે કરેલ પ્રથમ અપીલ નં.૬૨/૨૦૧૭ ના હુકમની નકલ, તા.૦૭/૦૫/૨૦૧૮
આંક–૧૮	ઉપરોકત હુકમ સામે કામદારે કરેલ બીજી અપીલ નં.૧૦/૨૦૧૮ ના કામમાં માલીકે કરેલ હુકમ અસલ તા.૧૩/૦૩/૨૦૧૮
આંક–૨૪	માંગણીના નિવેદનની નકલ રજી.એ.ડી.થી મોકલ્યા બદલની પોસ્ટ ખાતાની મની રિસીપ્ટ અસલ
આંક–૨૫	ઉપરોકત રજી.એ.ડી.માલીકને મળી ગયા બદલની પોસ્ટ ખાતાની સ્વીકૃતી રસીદ અસલ
આંક–૨૬	કામદારે માહિતીના કાયદા હેઠળ માગેલ અરજીની નકલ તા.૨૮/૦૧/૨૦૨૦
આંક–૨૭	માલીકે તા.૨૯/૦૨/૨૦૨૦ થી આપેલ માહિતી બિડાણ તા.૨૯/૦૬/૨૦૧૯ ના બે હુકમો

(૫) બીજા પક્ષકાર તરફે **આંક–૧૩** થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

આંક–૧૪	માલીકના પત્રનો કામદારે આપેલ જવાબ	૨૧/૦૬/૨૦૧૭
આંક–૧૫	કામદારે માલીકને આપેલ જવાબ	૦૬/૦૪/૨૦૧૭
આંક–૧૬	ઉપરોકત પત્ર માલીકને મળ્યાની પોસ્ટ	અસલ

	ખાતાની સ્વીકૃતી રસીદ	
આંક–૧૭	માલીકનો પત્ર	૧૦/૦૬/૨૦૧૭

(૬) પ્રથમ પક્ષકાર તરફે **આંક–૩૨** થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

નિશાની ૩૨/૧	કામદારને ફરજ હાજર થવા લખેલ પત્ર રજી.એ.ડી.થી	૦૩/૦૪/૨૦૧૭
નિશાની ૩૨/૨	કામદારને ફરજ હાજર થવા લખેલ પત્ર રજી.એ.ડી.	૨૫/૦૫/૨૦૧૭
નિશાની ૩૨/૩	કામદારને ફરજ હાજર થવા લખેલ પત્ર	૧૦/૦૬/૨૦૧૭

(૭) બીજા પક્ષકાર તરફે **આંક–૯** થી રૂપસિંહ ભગવાનસિંહ રાઠોડની સોગંદનામા રૂપમાં જુબાની રજુ કરેલ છે અને મુખ્યત્વે પોતાના માંગણાના નિવેદન મુજબની હકીકતોનો ઉલ્લેખ કરેલ છે. સદરહુ કામદારની ઉલટ તપાસ પ્રથમ પક્ષકાર તરફે વકીલશ્રી જી.કે.ભટ્ટ દ્વારા કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે કામદારે નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

– એ વાત ખરી છે કે હુ એસ.ટી.માં હાલ સુરેન્દ્રનગર ડેપોમાં ડ્રાયવર તરીકે છુ.

– એ વાત ખરી છે કે, હુ ગોંડલ ડેપોમાં ૨૦૧૭ મા ડ્રાયવર તરીકે હતો.

– હું કયારેય રજા પર રહેલ નથી.

– એ વાત ખરી છે કે એપ્રિલ, મે અને જુન–૨૦૧૭ મા એસ.ટી.એ મને ફરજ પર હાજર થવા પત્રો લખેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે પત્રોના મે જવાબો આપેલ છે જેમાં મે ડોકટરના સર્ટીફીકેટ તથા રજા રીપોર્ટો મોકલેલા.

– હુ બિમાર હતો અને પગે ફેકચર થયાના ડોકટરના સર્ટીફીકેટો મોકલેલા.

– મારો પડી જવાનો બનાવ ઘરમાં થયેલો. હુ ઘરે પડી જતા પગે ફેકચર થયાની જાણ મે એસ.ટી.ને લેખિતમાં કરેલી.

– મને નિશાની ૧૩/૩ બતાવવામાં આવે છે તે તા.૨૧/૦૬/૨૦૧૭ નો ડેપો મેનેજરને લખેલ પત્ર છે.

– મને નિશાની ૧૩/૩ ના બિડાણથી સી.જે.હોસ્પિટલ, સુરેન્દ્રનગરનુ પ્રિસ્ક્રીપ્શન બતાવવામાં આવે છે તેમાં શુ લખેલ છે તે અંગ્રેજીમાં હોય મને ખબર નથી.

– મને નિશાની ૧૩/૩ ના બિડાણી તા.૨૩/૦૨/૧૭ નુ ડોકટર ગોંડલીયા સાહેબનુ ફીટનેશ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે તે મારા માટેનુ છે. જે નિશાની ૧૩/૩ સાથે ૫ કાગળનુ બીડાણ જે તમામ ડોકયુમેન્ટ રીફર કરતા હોય દાખલ આંક–૧૪ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે આ ફીટનેશ સર્ટીફીકેટ મે એસ.ટી.માં આપેલ નથી.

– એ વાત ખરી છે કે તા.૨૩/૦૨/૧૭ પછી એસ.ટી.માં ફરજ ઉપર હાજર થયેલ નથી.

– મને નિશાની ૧૩/૧ તા.૬/૪/૧૭ નો પત્ર બતાવવામાં આવે છે એ વાત ખરી નથી કે આ પત્ર એસ.ટી.ને મોકલાવેલ નથી જે ડોકયુમેન્ટ રીફર કરતા હોય દાખલ આંક–૧૫ આપવામાં આવે છે. મે આ પત્ર એસ.ટી.ને રજી.એ.ડી.થી મોકલેલ છે.

– એ વાત ખરી નથી કે જે રજી.એ.ડી.થી અસલ એકનોલોજમેન્ટમાં એસ.ટી.કોર્પોરેશન કોઈ સહી નથી. જે ડોકયુમેન્ટ રીફર કરેલ હોય દાખલ આંક–૧૬ આપવામાં આવે છે.

– મને ઘરે પડી ગયાની તારીખ યાદ નથી. એ વાત ખરી છે કે એપ્રિલ થી જુન–૨૦૧૭ મા ૩ મહીના ફરજ ઉપર હાજર ન હતો.

– એ વાત ખરી છે કે તા.૨૧/૦૬/૨૦૧૭ ના એસ.ટી.ને મે પત્રથી જાણ કરેલી તે પહેલા પડી જવાના અકસ્માતની એસ.ટી.ને કયારેય જાણ કરેલ નથી.

– હું ફરજ પર હાજર થયાની તારીખ, માસ કે વર્ષ યાદ નથી.

– મને ખાતાકીય તપાસની સજાના ભાગરૂપે રૂ.૨૫,૦૦૦/– દંડ થયેલ જે રકમ મે ભરી દીધેલ છે. હવે કહુ છુ કે દંડની રકમ મારા પગારમાંથી હપ્તે હપ્તે કપાત થયેલ છે.

– એ વાત ખરી છે કે દંડની થયેલ સજા સામે એસ.ટી.માં અપીલ કરેલ હતી તેમાં રૂ.૫,૦૦૦/– દંડ ઓછો કરેલ હતો.

– એ વાત ખરી છે કે મે બીજી અપીલ પણ કરેલી છે. બીજી અપીલના કાગળોમાં નિશાની ૮/૫ થી બીજી અપીલનો હુકમ રજુ કરેલ છે જે રદ કરેલ છે તેને રીફર થયેલ હોય દાખલ આંક–૧૮ આપવામાં આવે છે.

(૮) પ્રથમ પક્ષકાર તરફે **આંક–૨૯** થી કિંજલબેન દિલીપભાઈ દવેનુ મૌખિક પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે અને મુખ્યત્વે પોતાના જવાબ મુજબની હકીકતોનો ઉલ્લેખ કરેલ છે. સદરહુ સાહેદની ઉલટ તપાસ બીજા પક્ષકાર તરફે વકીલશ્રી બી.એમ.માવાણી દ્વારા કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે સાહેદે નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

– હું એસ.ટી.મા લેબર ઓફીસર તરીકે ૨૦૧૧ થી ફરજ બજાવુ છુ.

– એ વાત ખરી છે કે મને આંક–૨૧ બતાવવામાં આવે છે જે કામદારને આપેલ ખાતાકીય તપાસનુ તહોમત છે.

– એ વાત ખરી છે કે કામદારના ગેરહાજર રહેલાના ચોકકસ દિવસો આ દસ્તાવેજમાં બતાવેલ નથી.

– એ વાત ખરી છે કે એસ.ટી.એ આપેલ ચાર્જશીટનો જવાબ કામદારે આંક–૨૨ થી આપેલ છે તે છે.

– એ વાત ખરી છે કે કામદારને આપેલ ચાર્જશીટની કાયદેસર કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી.

– એ વાત ખરી છે કે મને આંક–૨૭ બતાવવામાં આવે છે જેમાં કામદારને રૂા.૨૫,૦૦૦/– નો દંડ કરેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જેમા રૂા.૫,૦૦૦/– નો પ્રથમ અપીલમાં ઘટાડો કરેલ છે.

– એ વાત ખરી છે કે કામદારને કરેલ દંડની રકમ તેના પગારમાંથી વસુલેલ છે.

– એ વાત ખરી છે કે કામદાર જાણ કર્યા વગર ગેરહાજર રહેલ તે સબબ તેમના વિરૂધ્ધ સંસ્થાએ કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી, હવે હુ જણાવુ છુ કે ખાતાકીય તપાસ કરવામાં આવેલી.

– સદરહુ ખાતાકીય તપાસના દસ્તાવેજો પૈકી આ કામે તહોમતનામુ રજુ થયેલ છે જે રેકર્ડ જોઈને જણાવુ છુ.

– એ વાત ખરી નથી કે આપેલ તહોમતનામાના અનુસંધાને કામદાર વિરૂધ્ધ નિયમ મુજબની કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી.

– એ વાત ખરી છે કે તેવી ખાતાકીય તપાસના કોઈ દસ્તાવેજ આ કામે અમોએ રજુ કરેલ નથી.

(૯) બીજા પક્ષકાર તરફે મૌખિક દલીલ કરી, મુખ્યત્વે આ કામના સંલગ્ન કામદાર વિરૂધ્ધ ખાતાકીય તપાસ કર્યા વગર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવની તક આપ્યા વગર તેમજ સજા બાબતે સેકન્ડ શો–કોઝ નોટીસ આપ્યા વગર તા.૨૯/૦૭/૨૦૧૯ ના ગેરકાયદેસર હુકમ કરી, રૂા.૨૫,૦૦૦/– રીકવરી કરવાની સજાનો શિક્ષાત્મક હુકમ કરેલ છે જે ગેરવ્યાજબી, ગેરકાયદેસરનો, કુદરતી ન્યાયના સિધ્ધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની મુળભુત જોગવાઈ વિરૂધ્ધનો હોય અને તે હકીકતો રજુ થયેલ પુરાવાથી સ્પષ્ટ પુરવાર થયેલ હોય અને સંસ્થાના સાહેદે ખાતાકીય તપાસ કરેલ ન હોવાનુ સ્વીકાર્યા બાદ, ખાતાકીય તપાસ કરવામાં આવેલ તેમ જણાવી આ કામે ખાતાકીય તપાસના દસ્તાવેજો પૈકી, તહોમતનામુ રજુ કરેલ તે સિવાય અન્ય ખાતાકીય તપાસના કોઈ દસ્તાવેજો આ કામે રજુ કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે અને તે રીતે સંલગ્ન કામદાર વિરૂધ્ધ ખાતાકીય તપાસ કર્યા વગર સજા કરેલાનુ પુરવાર થયેલ હોય હાલનો રેફરન્સ મંજુર કરવા અરજ કરેલ છે. સંલગ્ન કામદાર તરફે નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ૧૯૯૯ (૧) સી.એલ.આર. ૯૪૫, એસ.કે.મસ્થાન વિરૂધ્ધ મેનેજીંગ ડીરેકટરનો ચુકાદો રજુ કરી, તેની પર આધાર રાખેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે મૌખિક દલીલ કરી, મુખ્યત્વે આંક–૧૨ થી રજુ થયેલ વાંધા જવાબની હકીકતો જણાવી, સંલગ્ન કામદાર કોઈપણ જાતની જાણ કર્યા વગર ગેરહાજર રહેતા, તેમના વિરૂધ્ધ નિયમ મુજબની કાર્યવાહી કરી, તા.૧૧/૦૭/૨૦૦૭ ના રોજ તહોમત પત્ર નં.૩/૨૦૧૭ આપી, ખાતાકીય તપાસના અંતે રૂા.૨૫,૦૦૦/– તેઓના પગારમાંથી કપાત કરવાનો હુકમ કરેલ છે જે યોગ્ય અને વ્યાજબી હોવાનુ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ પુરવાર થતુ હોય તેમજ સંલગ્ન કામદારે કરેલ અપીલના કામે સજામાં ઘટાડો કરી, રૂા.૨૦,૦૦૦/– કપાત કરવાનો હુકમ કરેલ હોય એકંદર તમામ હકીકત ધ્યાને લઈ, હાલનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૧૦) બીજા પક્ષકાર તરફે **આંક–૨૮** થી પ્રથમ પક્ષકાર તરફે **આંક–૩૩** થી મૌખિક પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૧૧) ઉપરોકત તમામ હકિકતે રજુ માંગણા નિવેદન, લેખિત જવાબ, બન્ને પક્ષકાર તર્ફેના મોખિક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતા આ કામેના ન્યાય નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા :–

(૧) શું સંલગ્ન કામદાર પુરવાર કરે છે કે, અનુસુચિમાં ઉલ્લેખ થયા મુજબની શિક્ષાનો હુકમ ગેરવ્યાજબી, ગેરકાયદેસરનો, કુદરતી ન્યાયના સિધ્ધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની મુળભુત જોગવાઈઓ વિરૂધ્ધનો છે ?

(૨) શું સંલગ્ન કામદાર અનુસુચિમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું સંલગ્ન કામદાર કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો આ ન્યાયપંચના મંતવ્ય પ્રમાણે નીચે મુજબના છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

–: કારણો :–

(૧૩) <u>મુદ્દાનં.૧ થી ૩</u> :

મુદ્દા નંબર–૧ થી ૩ ના નિર્ણય માટેના કારણો એકબીજા સાથે સંલગ્ન હોય અને એકબીજા ઉપર આધારીત હોય પુનરાવર્તન ટાળવા તથા એકરૂપતા માટે અને સરળતા માટે ત્રણેય મુદ્દાના નિર્ણય માટેની ચર્ચા એક સાથે કરેલ છે.

આ કામે પક્ષકારો તરફે ઉપર ઉલ્લેખ કર્યા મુજબ મૌખિક પુરાવા રજુ થયેલ છે અને તેના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, સંલગ્ન કામદારને તા.૧૧/૦૭/૨૦૧૭ ના રોજ આપેલ તહોમતપત્રની નકલ આંક–૨૧ થી રજુ થયેલ છે. સદરહુ તહોમતનામાની વિગતો નીચે મુજબ છે.

તહોમત પત્ર નંબર ૩૩/૨૦૧૭ :–

તમો કુમારી/શ્રીમતિ/શ્રી રૂપસિંહ ભગવાનસિંહ રાઠોડ, હોદ્દો ડ્રાયવર, બેઝ નંબર ૫૫૫, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ વિભાગ, ગોંડલ ડેપોના સામે નીચે જણાવેલ ગુન્હા સબબ તહોમત મુકવામાં આવે છે.
કાયમી ફરજમાં ગેરહાજર તેમજ હાજર થવા.

આમ તમોએ સંસ્થાના ડીસીપ્લીન અને અપીલ પ્રોસીઝરની પરિશિષ્ટ–અ ની કલમ નંબર : ૨૨, ૨૭, ૩૮ મુજબ ગુનો કરેલ છે અને પરિશિષ્ટ–બ ની કલમ નંબર :– – મુજબ ગુનો કરેલ છે, જેની સમજુતી નીચે આપેલ છે.

૧) તમો ઉપર જણાવેલ તહોમત અંગે ગુનેગાર હોવાનુ માનો છો કે કેમ? તે જણાવવુ, તમો તહોમત અંગે ગુનેગાર ન હો તો આ તહોમત મળ્યા તારીખથી સાત દિવસની અંદર તમો તમારા બચાવના સમર્થનમાં જે કોઈ દસ્તાવેજી ઉપર આધાર રાખવા માગતા હો તેની સાથેનો તમારો લેખિત જવાબ રજુ કરવો.

૨) તમોને વધુમાં જણાવવાનું કે તમો વ્યકિતગત સુનાવણી માટે હાજર રહેવા માગો છો કે કેમ તે જણાવવું, ઉપરાંત આ કેસના બચાવમાં તમો કોઈ સાક્ષી રજુ કરવા માગો છો કે કેમ? જો હા હોય તો તેમના નામ અને સરનામા તમારા જવાબની સાથે જ રજુ કરવા. જો તમો તમારા બચાવ અર્થે સહકાર્યકર હાજર રાખવા માગતા હો તો તેની લેખિત જાણ કરવાની રહેશે.

૩) જો તમારો લેખિત જવાબ ઉપર જણાવેલ સમય મર્યાદામાં નહી મળે તો એકપક્ષીય નિર્ણય લેવામાં આવશે.

......
યોગ્ય સત્તાધિકારી અને ડેપો મેનેજર 'એ'
એસ.ટી.ગોંડલ ડેપો

તહોમત જેના આધારે મુકવામાં આવેલ છે તેની ટુંકી વિગતો નીચે મુજબ છે.
રીપોર્ટ નં.૧૬૧, તા.૧૯/૦૬/૨૦૧૭
રીપોર્ટરનુ નામઃ નિરૂભા ચુડાસમા, હોદ્દો : એ.ટી.આઈ.
ગુન્હા તારીખ : ૧૯/૦૬/૨૦૧૭, રૂટ : બસ નંબર ચેકીંગ સ્થળઃ
સ્ટેટમેન્ટ ઓફ એલીગેશન ઉપર મુજબ છે.
કલમ નંબર અને વિગતઃજે કલમ નંબર મુજબ ગુનો કરેલ છે જેની સમજુતી નીચે મુજબની છે.

૨૨ કોઈપણ જાહેર કરેલ વહીવટી પરિપત્રો અથવા હુકમોનો વારંવાર અથવા સતત ભંગ કરવો.

૨૭ વારંવાર કે સતત બેદરકારી અથવા નિષ્કાળજી દાખવવી.

૩૮ અનિયમિત હાજરી, રજા વિના તથા વ્યાજબી કારણ વિના ગેરહાજર રહેવુ અને પરવાનગી વિના ગેરહાજર રહેવુ.

નોંધ :– તહોમતદારને તેમની ઉપર મુકેલ તહોમત અંગેના રીપોર્ટ તથા સબંધિત નિવેદનોની નકલ અગાઉથી અરજી કરી મેળવી શકશે.

ઉપરોકત તહોમતપત્રના અનુસંધાને સંલગ્ન કામદારે તા.૧૧/૦૭/૨૦૧૭ ના રોજ આપેલ તહોમતપત્રનો જવાબ આંક–૨૨ થી રજુ થયેલ છે જે નીચે મુજબ છે.

સવિનય સહ જણાવવાનું કે, અમોને આપેલ તહોમતપત્ર નં.૩૩/૨૦૧૭ તદ્દન સત્યથી વેગળો છે જેથી નીચે મુજબના કારણોને વંચાણે લઈ આ કેસ તાત્કાલિક દફતરે કરવો.

(૧) તહોમતપત્રમાં ૩૩/૨૦૧૭ ની સાથે અમોને રીપોર્ટરની નકલ, ૧૬૧ ૧૯/૬/૧૭ ની નકલો તેમજ મસ્ટરની કોપી વિગેરે જરૂરી કાગળો અમોને મળેલ નથી.

(૨) કલમ નંબર ૨૨ કોઈપણ જાહેર વહીવટી પત્રોનો અમોને પરિપત્રની નકલો મળેલ નથી તેમજ અમોએ અગાઉ આવો કોઈ જ હુકમનો ભંગ કરેલ નથી.

(૩) કલમ નંબર ૨૭ માં અમોએ કોઈપણ બેદરકારી કે નિષ્કાળજી દાખવેલ નથી.

(૪) કલમ નંબર ૩૮ અમારી નિયમીત હાજરી મસ્ટરમાં છે જ તેમજ કોઈપણ અગાઉ રજા વિના ગેરહાજર રહેલ નથી જેથી સા.રીપોર્ટરશ્રીએ અમારી સાથે પરદેશીવાદ જે અમોને સ્થાનિક ન હોવાથી અમારી સામે રીપોર્ટ કરેલ છે જેથી આ રીપોર્ટ એક જાતિવાદ જુથવાદ રાખીને મારી સાથે રીપોર્ટ કરી અમોને માનસિક ત્રાસ આપવામાં આવે છે જે સત્વરે આ કેસ દફતરે કરી અમોને નિર્દોષ જાહેર કરવા.

આ કામે ઉપરોકત તહોમતનામા નંબર ૩૩/૨૦૧૭ ના અનુસંધાને તા.૨૯/૦૭/૨૦૧૭ ના રોજ થયેલ શિક્ષાત્મક હુકમની નકલ આંક–૨૬ થી રજુ થયેલ છે અને તેમાં સંલગ્ન કામદારને આપવામાં આવેલ તહોમતપત્રમાં જણાવેલ આરોપ મુજબ કાયમી ફરજમાં ગેરહાજર તેમજ હાજર થવા અંગેનો ગુન્હો પુરવાર થતો હોય, આગામી પગારમાંથી રૂા.૨૫,૦૦૦/– ૧૩ હપ્તે વસુલ કરવા હુકમ કરવામાં આવેલ છે. સદરહુ હુકમ વિરૂધ્ધ સંલગ્ન કામદારે કરેલ પ્રથમ અપીલના હુકમની નકલ આંક–૨૩ થી રજુ થયેલ છે અને તે વંચાણે લેતાં, સંલગ્ન કામદારને કરેલ સજામાં રૂા.૫,૦૦૦/– ઘટાડો કરવાનો હુકમ થયેલ છે અને તેની ઉપર કરેલ બીજી અપીલમાં શિક્ષા યથાવત રાખવાનો હુકમ કરેલાનુ આંક–૧૮ થી રજુ થયેલ બીજી અપીલના હુકમથી જણાય આવે છે.

ઉપરોકત હકીકતે સૌ પ્રથમ આ કામે સંલગ્ન કામદાર વિરૂધ્ધનુ તહોમતપત્ર ધ્યાને લેતાં, સંલગ્ન કામદાર વિરૂધ્ધ સંસ્થાના ડીસીપ્લીન અને અપીલ પ્રોસીઝર પરિશિષ્ટ–અ ની કલમ નંબર–૨૨, ૨૭, ૩૮ મુજબ ગુન્હો કરેલાનો આરોપ છે. સદરહુ તહોમતનામુ વંચાણે લેતાં, સંલગ્ન કામદાર વિરૂધ્ધ ફરજમાં ગેરહાજર રહેવા બાબત થયેલ સદરહુ કાર્યવાહીમાં આંક–૨૧ ના તહોમતપત્રમાં ગેરહાજરીનો સમયગાળો દર્શાવેલ નથી અને તે હકીકત સંસ્થાના સાહેદે પણ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે. વધુમાં સદરહુ તહોમતનામાના સંલગ્ન કામદાર તરફેના આંક–૨૨ ના જવાબને વંચાણે લેતાં, તેઓએ રજા વિના ગેરહાજર રહેલ ન હોવાનુ જણાવી, તહોમતનામામા ઉલ્લેખ થયેલ રીપોર્ટની નકલ કે અન્ય કોઈ નકલ મળેલ ન હોવાનુ પણ જણાવેલ છે, પરંતુ તેવી કોઈ નકલ સંલગ્ન કામદારને પુરી પાડેલ હોવાનુ રેકર્ડ પરથી જણાય આવતુ નથી. આ કામે સંલગ્ન કામદારે ઉપરોકત જવાબ સંસ્થાને આપેલ હોવાનુ સંસ્થાના સાહેદે પણ સ્વીકારેલ છે પરંતુ ત્યારબાદ સંલગ્ન કામદારને માગ્યા મુજબની કોઈ નકલ પુરી પાડેલ હોય કે, તહોમતપત્રના આધારે કોઈ ખાતાકીય તપાસ કરી, તેમાં સંલગ્ન કામદારને હાજર રહેવા જાણ કરવામાં આવેલ હોવાનુ સંસ્થા તરફે પુરવાર કરેલ નથી અને સંસ્થાના સાહેદે ઉલટ તપાસ દરમ્યાન બે વાર, "

ચાર્જશીટની કાયદેસર કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી " , તેમ જણાવી પછીથી સંલગ્ન કામદાર વિરૂઘ્ઘ ખાતાકીય તપાસ કરેલાનુ જણાવેલ છે અને આ કામે ખાતાકીય તપાસના દસ્તાવેજો પૈકી, માત્ર તહોમતનામુ રજુ થયેલાનુ અને તે સિવાય અન્ય કોઈ ખાતાકીય તપાસ સંદર્ભેના દસ્તાવેજો રજુ કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે. આમ એકંદર હકીકતે રેકર્ડ ઘ્યાને લેતાં, સંલગ્ન કામદારને તહોમતપત્ર આપ્યા અગાઉ કોઈ નોટીસ આપેલ હોય કે, તહોમતપત્રના જવાબ મળ્યા બાદ સંસ્થા દ્વારા નિયમ મુજબની કોઈ ખાતાકીય તપાસ કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.

આ તબકકે અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, સંલગ્ન કામદાર વિરૂઘ્ઘ ખાતાકીય તપાસ કરી, કોઈ સજા કરેલ હોય તેના અનુસંધાને દાખલ થયેલ રેફરન્સનો અંતિમ ન્યાયિક નિર્ણય કરતા સમયે, પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ સૌ પ્રથમ ખાતાકીય તપાસની યોગ્યતા અને કાયદેસરતા ચકાસવાની રહે છે પરંતુ આ કામે સંલગ્ન કામદાર તરફે કે સંસ્થા તરફે ખાતાકીય તપાસની યોગ્યતા અને કાયદેસરતા પડકારેલ નથી કે, પુરવાર કરેલ નથી. આ કામે સંલગ્ન કામદાર તરફે શરૂઆતથી જ ચાર્જશીટના આધારે તેમના વિરૂઘ્ઘ કોઈપણ જાતની કાયદેસરની ખાતાકીય તપાસ કરેલ ન હોવાની તકરાર ઉપસ્થિત કરેલ છે અને સંસ્થા તરફેના લેખિત જવાબમાં સંસ્થાએ કામદાર વિરૂઘ્ઘ ખાતાકીય તપાસ કરેલાનુ જણાવેલ છે પરંતુ સમગ્ર કેસની કાર્યવાહી દરમ્યાન સબંધિત કામદાર વિરૂઘ્ઘ નિયમ મુજબની ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોય તેના સમર્થનમાં તહોમતપત્ર તથા સજાના હુકમ સિવાયના એકપણ દસ્તાવેજી આધાર પુરાવા સંસ્થાએ આ કામે રજુ કરેલ નથી અને સંસ્થાના સાહેદે સ્પષ્ટરીતે કામદાર વિરૂઘ્ઘ કોઈ કાયદેસરની ખાતાકીય તપાસ કરેલ ન હોવાનુ પણ સ્વીકારેલ છે અને પછીથી ખાતાકીય તપાસ કરેલાનુ જણાવી, માત્ર રજુ થયેલ તહોમતનામા સિવાય કોઈ દસ્તાવેજો આ કામે રજુ કરેલ ન હોવાનુ સ્વીકાર્યા બાદ, આ કામે સંસ્થા તરફે કોઈપણ મૌખિક પુરાવા કે કોઈપણ પ્રકારના દસ્તાવેજો રજુ કરી, સંલગ્ન કામદાર વિરૂઘ્ઘ નિયમ મુજબની ખાતાકીય તપાસ કરેલ હોવાનુ પુરવાર કરી શકેલ નથી. વધુમાં સંસ્થા તરફે રજુ થયેલ વાંધા જવાબ તથા મૌખિક પુરાવો ઘ્યાને લેતાં, સંસ્થાએ સંલગ્ન કામદારને ગેરહાજર રહેવા અંગે તા.૦૩/૦૪/૨૦૧૭, તા.૨૫/૦૫/૨૦૧૭ તથા તા.૧૦/૦૬/૨૦૧૭ ના રોજ ફરજમાં હાજર થવા પત્રો લખવા છતાં કોઈ જવાબ આપેલ ન હોવાનુ જણાવેલ છે અને સદરહુ પત્રો આ કામે આંક—૩૨ ના લીસ્ટથી રજુ થયેલ છે, પરંતુ તે અગાઉ સંલગ્ન કામદાર તરફે આ કામે આંક—૧૫ અને આંક—૧૭ થી ઉપરોકત પત્રોના જવાબ રજુ કરેલ છે અને સદરહુ દસ્તાવેજોને સંસ્થા દ્વારા પડકારેલ નથી કે નાસાબીત કરેલ નથી. સદરહુ જવાબની વિગતો સંલગ્ન કામદાર વિરૂઘ્ઘ તહોમતપત્ર આપ્યા બાદ સજા કરવાના સમયે ઘ્યાને લીધેલ છે કે કેમ? તેનો કોઈ ઉલ્લેખ સજાના હુકમમાં જણાય આવતો નથી. વધુમાં સજાના હુકમને વંચાણે લેતાં, તેમાં ઉપર

જણાવેલ મુજબ માત્ર તહોમતપત્રમાં જણાવેલ કસુરવાર પુરવાર થતો હોવાનુ જણાવેલ છે તે સિવાય સજા કરવાના અનુસંધાને કોઈપણ પ્રકારના કારણો કે તારણો દર્શાવેલ નથી કે રજુ થયેલ ખુલાસો, જવાબને સ્વીકારેલ ન હોવા અંગે પણ કોઈ કારણ દર્શાવેલ નથી.

(૧૪) ઉપરોકત હકીકત ઘ્યાને લઈ, સંલગ્ન કામદાર વિરૂઘ્ઘ તહોમતનામામા ઉલ્લેખ કરેલ સંસ્થાના શિસ્ત અને દાદના નિયમોના પરિશિષ્ટ–એ માં દર્શાવેલ ગેરવર્તણુંક ઘ્યાને લેતાં, સંલગ્ન કામદાર વિરૂઘ્ઘ જે કલમ નંબર મુજબના આરોપ મુકવામાં આવેલ છે તે પરિશિષ્ટ–અ ના ગેરવર્તણુંકમા સમાવેશ થતો હોવાનુ જણાય આવે છે અને સદરહુ **ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓ માટેના શિસ્ત અને દાદના નિયમો** ઘ્યાને લેતાં, ગેરવર્તણુંકના કૃત્યોની કાર્યવાહી કલમ–પ માં દર્શાવેલ છે. સદરહુ કલમ–પ ઘ્યાને લેતાં, જે વ્યકિત સામે ગેરવર્તણુંકના કૃત્ય અંગે કાર્યવાહી કરવાની હોય તે વ્યકિતને આરોપની નકલ સાથે આરોપોનુ નિવેદન અને જે દસ્તાવેજો ઉપર આરોપ સાબીત કરવાના હેતુસર આધાર રાખવાનો હોય તેવાં દસ્તાવેજો પણ પુરા પાડવાની જોગવાઈ છે. વધુમાં કલમ–૬ ની જોગવાઈ મુજબ કલમ–પ ની જણાવેલ પ્રક્રિયાનુ અનુસરણ જરૂરી ન હોવાનો કોઈ કેસ સંસ્થા તરફે આ કામે રજુ કરેલ નથી કે, તે અંગે કોઈ આધાર પુરાવા પણ રજુ કરેલ નથી.

(૧૫) ઉપરોકત હકીકતો ઘ્યાને લઈ, આ કામે પક્ષકારો તરફેની દલીલો તથા રજુ થયેલ પુરાવા ઘ્યાને લઈ, સંલગ્ન કામદાર તરફે રજુ થયેલ નામદાર આંધ્રપ્રદેશના એસ.કે.મસ્થાનના ચુકાદાને માનસહ ઘ્યાને લેતાં, તેમાં મુખ્યત્વે કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ અટકાવવાની મોટી સજા કરવા માટે ખાતાકીય તપાસ અનિવાર્ય હોવાનુ ઠરાવેલ છે, પરંતુ હાલના કામે મુખ્યત્વે સંલગ્ન કામદાર વિરૂઘ્ઘ માત્ર દંડની સજા કરવામાં આવેલ છે અને આ કામે સંસ્થા દ્રારા ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોવાનુ મુખ્યત્વે જણાવેલ છે અને રેકર્ડ પર રજુ થયેલ પુરાવા ઘ્યાને લેતાં, સંલગ્ન કામદારને તહોમતપત્ર આપ્યા બાદ સજા કરતા અગાઉ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ હોવાનુ, જરૂરી દસ્તાવેજો, આધારો રજુ કરી પુરવાર કરી શકેલ નથી જેથી હાલના કામે મુખ્યત્વે સંસ્થાના નિયમો મુજબ કોઈ ખાતાકીય કાર્યવાહી થયેલ હોવાનુ પુરવાર થતુ નથી અને ખાતાકીય તપાસ કર્યા વગર સંલગ્ન કામદારને કરવામાં આવેલ દંડની સજા કાયદાકીય જોગવાઈ વિરૂઘ્ઘની તથા સમન્યાયના સિઘ્ઘાંતની વિરૂઘ્ઘની હોવાનુ સ્પષ્ટ પુરવાર થાય છે, જેથી એકંદર હકીકતે મુદ્દા નંબર–૧ થી ૩ હકારમાં ઠરાવુ છુ.

(૧૬) ઉપરોકત મુદ્દા નંબર–૧ થી ૩ ના નિર્ણય તથા ચર્ચા ધ્યાને લેતાં, હાલના કામે સંલગ્ન કામદાર વિરૂઘ્ધ ખાતાકીય તપાસ કરી, કોઈ સજા કરેલ હોય તેના અનુસંધાને દાખલ થયેલ રેફરન્સનો અંતિમ ન્યાયિક નિર્ણય કરતા સમયે, પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ સૌ પ્રથમ ખાતાકીય તપાસની યોગ્યતા અને કાયદેસરતા ચકાસવાની રહે છે પરંતુ આ કામે સંલગ્ન કામદાર તરફે કે સંસ્થા તરફે ખાતાકીય તપાસની યોગ્યતા અને કાયદેસરતા પડકારેલ નથી કે, પુરવાર કરેલ નથી, તેમજ સંલગ્ન કામદાર વિરૂઘ્ધ નિયમ મુજબની કોઈ ખાતાકીય તપાસ કરેલ હોવાનુ પણ પુરવાર થયેલ ન હોય, ખાતાકીય તપાસની યોગ્યતા કે કાયદેસરતા નિર્ણિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી જેથી એકંદર તમામ હકીકત ધ્યાને લેતાં, મુદ્દા નંબર–૪ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) સંલગ્ન કામદાર રૂપસિંહ બી.રાઠોડ ડ્રાયવર બેજ નં.પપપ નાઓનો હાલનો રેફરન્સ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સંલગ્ન કામદારને દફતરી હુકમ નંબર ડીસીઆર/એડીએમ/બી.અ.નં.૬૨૦, તા.૧૩/૦૩/૨૦૧૮ થી થયેલ રૂા.૨૦,૦૦૦/– ની રીકવરી શિક્ષાને આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહુ હુકમનો અમલ એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દિન–૩૦ માં કરી, સંલગ્ન કામદારના પગારમાંથી રીકવર કરેલ શિક્ષાની રકમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ પરત ચુકવવાનો આથી આદેશ કરવામાં આવે છે. વિલંબ થયેથી સંલગ્ન કામદાર સદરહુ રકમ ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત પરત મેળવવા હકકદાર રહેશે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સ્થળ : રાજકોટ
તારીખ : ૨૦–૦૯–૨૦૨૩

(મોબીન અબ્દુલરસીદ ટેલર)
(કોડઃ જીજે ૦૦૬૪૫)
ઔદ્યોગિક ન્યાયપંચ
રાજકોટ